सत्यमेव जयते

**પલસાણાના મહે. જયુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ (જે.જે.આહુજા) સાહેબની કોર્ટમાં...**

| | |
|---|---|
| ચુકાદાની તારીખ:- | ૧૧.૦૩.૨૦૨૬ |
| ક્રિમિનલ કેસ ક્રમાંક:- | ૩૪૭૪/૨૦૨૫ |
| આંક:- | |
| પ્રથમ બાતમી અહેવાલ ક્રમાંક અને પોલીસ સ્ટેશન:- | ૧૩૯૮/૨૦૨૫ કડોદરા જી.આઈ.ડી.સી. પોલીસ સ્ટેશન, તા.પલસાણા. |
| ફરિયાદી:- | શ્રી સરકાર (રાજય) |
| ફરિયાદપક્ષે:- | વિદ્વાન મદદનીશ સરકારી વકીલશ્રી જે.ડી.પટેલ |
| આરોપી:- | નામ:- સુલતાનઅલી બશારત અલી<br>ઉંમર:- ૩૨ ધંધોઃ- મજુરી<br>સરનામુંઃ-નીચોલ ટ્રાન્સપોર્ટ નગર, ગોડાઉન નં.૨૯, તા.પલસાણા, જી.સુરત.<br>મૂળ રહે.-શીવરા, થાના-માલધાતા, જી.પ્રતાપગઢ (યુ.પી.) |
| બચાવપક્ષે:- | વિદ્વાન વકીલશ્રી ડી.ડી.ભરવાડ, એસ.ડી.પરમાર |

| | |
|---|---|
| ગુનાની તારીખ:- | ૦૪.૦૭.૨૦૨૫ |
| પ્રથમ બાતમી અહેવાલની તારીખ:- | ૦૪.૦૭.૨૦૨૫ |
| આખરી અહેવાલ રજુ થવાની તારીખ:- | ૦૧.૧૦.૨૦૨૫ |
| તહોમતનામું ધડયાની તારીખ:- | ૨૭.૧૦.૨૦૨૫ |
| પુરાવો શરૂ થયાની તારીખ:- | ૦૨.૦૧.૨૦૨૬ |
| ચુકાદા માટે અનામત રાખ્યાની તારીખ:- | ૧૧.૦૩.૨૦૨૬ |
| ચુકાદાની તારીખ:- | ૧૧.૦૩.૨૦૨૬ |
| આખરી હુકમ:- | નિર્દોષ ઠરાવી છોડી મૂકેલ છે. |

## -:: આરોપીની વિગત ::-

| આરોપીનો અનુક્રમ નંબર | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુક્તિની તારીખ | તહોમત | શું નિર્દોષ છોડ્યા /સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમ્યાન અટકાયતનો સમયગાળો બી.એન.એસ.એસ. ની કલમ-૪૬૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | સુલતાનઅલી બશારત અલી | ૦૯.૦૭.૨૦૨૫ | ૦૯.૦૭.૨૦૨૫ | ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ-૨૮૧, ૧૨૫(બી),૧૦૬(૧) તથા મો.વ્હી.એ. કલમ-૧૭૭,૧૮૪, ૧૩૪,૧૮૭ મુજબ | નિર્દોષ | - | - |

## -:ચુકાદો:-

**<u>ફરિયાદપક્ષની ટૂંકમાં હકીકત અને આરોપી વિરુદ્ધનું તહોમત:</u>-**

**(૧)** હાલના કામે ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, તા.

૦૪/૦૭/૨૦૨૫ ના કલાક–૧૧/૦૦ વાગે મોજે–વરેલી જી.આઇ.ડી.સી માં ભારત પ્રેટ્રોલપંપ પાછળ સહજાનંદ મેટલસીસ કંપનીની બાજુમાં રોડ પર, તા. પલસાણા, જી.સુરત ખાતે આ કામના આરોપી વાહન ચાલકે પોતાનું વાહન પુરઝડપે બેફિકરાઇ અને ગફલતભરી રીતે હંકારી લાવી મરણજનાર–પ્રદિપભાઇ રમેશભાઇ ગવ્હાણે, ઉ.વ.–૪૩,હાલ રહે– દસ્તાન રેસીડેન્સી મ.નં.–૪૫, તા.પલસાણા,જી.સુરત, મુળ રહે–બોકરીબારી, તા.પારોલા,જી.જલગાંવ (મહારાષ્ટ્ર) નાઓની હોન્ડા કંપનીની સાઇન મો.સા. જેનો રજી. નં.GJ–19–AS–6588 ની સાથે એકસીડન્ટ કરતાં રોડ પર પડી જતાં એકસીડન્ટ કરનાર સદર આરોપી વાહન ચાલકે તેનું વાહનનું ટાયર માથા ઉપર ચઢાવી દઇ માથામાં ગંભીર ઇજા કરી સ્થળ ઉપર મોત નીપજાવી પોતાનું વાહન લઇ નાસી જઇ તપાસ દરમ્યાન પકડાઇ જઇ ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ–૨૮૧, ૧૨૫(બી),૧૦૬(૧) તથા મો.વ્હી.એ. કલમ–૧૭૭,૧૮૪, ૧૩૪,૧૮૭ મુજબનો ગુનો કરેલાનો આરોપી વિરુદ્ધ આક્ષેપ છે.

ઉક્ત આક્ષેપ અનુસંધાને સંબંધિત પોલીસ સ્ટેશને એફ.આઈ.આર. નોંધી આરોપીની અટક કરી તપાસના અંતે આખરી અહેવાલ રજૂ રાખતા આરોપી વિરુદ્ધ પ્રોસેસ ઈસ્યુ કરતા આરોપી અત્રેની અદાલતમાં હાજર થતા આરોપીને જરૂરી નકલો પૂરી પાડી આરોપીનો ગુના સંબંધે જવાબ આંક–૦૪ થી નોંધતા તેમાં તેઓએ સદર ગુનાનો ઈનકાર કરેલ છે, ત્યારબાદ ફરિયાદપક્ષે પુરાવો નોંધવામાં આવેલ.

**<u>ફરિયાદપક્ષનો પુરાવો</u>:–.**

**(૨)** ફરિયાદપક્ષે શાહેદ નં.૧ ફરીયાદી– રોહીત મુકુન્દા ગવ્હાણેને આંક–૦૮ થી તપાસવામાં આવેલ છે. તેઓ પોતાની કોર્ટ રૂબરૂની જુબાનીમાં પુરાવો આપે છે કે, બનાવ તા. ૦૪/૦૭/૨૦૨૫ ના રોજ બનેલો. તે દિવસે તેઓ જોળવા ખાતે કંપનીમાં નોકરી પર જતા હતા ત્યારે નિંબાભાઇ મહાજનનો તેમના મોબાઇલ પર ફોન આવેલો અને જણાવેલ કે તેમની કંપનીમાં વાતો ચાલતી હતી કે પ્રદિપભાઇનું વરંલી ખાતે પ્રેટ્રોલપંપના પાછળના રોડ પર અકસ્માત થયેલ છે તો તેઓ ત્યાં જઇને તપાસ કરે. આ સમાચાર મળતાં તેઓ સીધા વરેલી આવેલા અને ત્યાં કડોદરા જી.આઇ.ડી.સી. પોલીસના માણસો ધ્વારા જાણવા મળેલ કે, તેમના કાકા પ્રદિપભાઇનું અકસ્માત થતાં તેમની લાશ તલોદરા પી.એચ.સી. ના પી.એમ.રૂમમાં મુકેલ છે. જેથી તેઓ પી.એમ. રૂમમાં જઇને જોતાં તેમના કાકા પ્રદિપભાઇના માથાનો આખો ભાગ અકસ્માત થવાથી દબાઇ ગયેલો હતો. ત્યારબાદ તેમને પાછળથી જાણવા મળેલ કે તેમના કાકા સાઇન

બાઈક લઈ વરેલી જી.આઈ.ડી.સી માં જતાં હતા ત્યારે કોઈક અજાણ્યા વાહને તેમની બાઈકને ટકકર મારી નીચે પાડી દઈ માથા ઉપરથી ટાયર ચડાવી નાસી ગયેલ. ત્યારબાદ થોડા સમય બાદ તેમને જાણવા મળેલ કે, તેમના કાકાની બાઈકને અકસ્માત કરનાર વાહન આઈસર કંપનીનું હતું અને તેનો નં. MH–04–JK–0984 હતો. ત્યારબાદ થોડા સમય બાદ તેમને જાણવા મળેલ કે, આ ટેમ્પોનો ડ્રાઈવર સુલતાન અલી કરીને હતો. આ બનાવ અંગે તેમણે ફરીયાદ કરેલી. તેમને આંક–૦૯ વાળી ફરીયાદ બતાવવામાં આવે છે તેમાં તેમની સહી ઓળખી બતાવે છે.

સદર સાહેદ બચાવપક્ષની ઊલટતપાસમાં એ હકીકત કબૂલ રાખે છે કે, આ બનાવની જાણ તેમને ફોન પર થયેલી. બનાવ તેમણે નજરે જોયેલ નથી. વાહન કયું હતું અને તેનો ચાલક કોણ હતો તે તેમને પોલીસ સ્ટેશનમાંથી જાણવા મળેલ.

(૩) ફરિયાદપક્ષે શાહેદ નં.૨ સોનાલી પ્રદીપ ગવ્હાણેને આંક–૧૦થી તપાસવામાં આવેલ છે. સાહેદને ગુજરાતી ભાષાનું જ્ઞાન ન હોય, હિન્દીમાં પ્રશ્ન પુછી તેનું ગુજરાતીમાં અનુવાદ કરી જુબાની નોધવામાં આવે છે.તેઓ પોતાની કોર્ટ રૂબરૂની જુબાનીમાં પુરાવો આપે છે કે, બનાવ સને ૨૦૨૫ ની સાલમાં બનેલો તે દિવસે તેઓ ધરે હતા ત્યારે તેમના સંબંધીનો તેમના મોબાઈલ પર ફોન આવેલ અને જણાવેલ કે, તેમના પતિ બાઈક લઈ જતાં હતા ત્યારે વરેલી જી.આઈ.ડી.સી. પાસે તેમની બાઈકનો આઈસર ટ્રક સાથે અકસ્માત થયેલ છે. અક્સમાતની જાણ થતાં તેઓ તલોદ્ધા પી.એચ.સી ખાતે ગયેલા જયાં તેમના પતિની લાશનું પીએમ કરાવી લાશ તેમને સોપેલી. ત્યારબાદ તેમના પતિની અંતિમ વીધી કડોદરા ખાતે કરેલી. આ તેમના પતિના બાઈક સાથે અકસ્માત કરનાર વાહન કયું હતું આ વાહનનો નંબર શું હતો તેનો ચાલક કોણ હતો તેની તેમને ખબર નથી. બનાવ અંગે પોલીસે તેમનો જવાબ લીધેલો.

સદર શાહેદ બચાવપક્ષની ઊલટતપાસમાં એ હકીકત કબૂલ રાખે છે કે, બનાવની જાણ તેમને ફોન પર થયેલી અને આ બનાવ તેમણે નજરેનજર જોયેલ નથી. અકસ્માત કયા વાહનથી થયેલ તેની તેમને ખબર નથી. આ અકસ્માતવાળું વાહન આઈશર તે હકીકત પણ તેમને અન્ય મારફત જાણવા મળેલી.

(૪) ફરિયાદપક્ષે શાહેદ નં.૩ અનિલ દામોદર ગગડને આંક–૧૧થી તપાસવામાં આવેલ છે. સાહેદને ગુજરાતી ભાષાનું જ્ઞાન ન હોય, હિન્દીમાં પ્રશ્ન પુછી તેનું ગુજરાતીમાં અનુવાદ કરી જુબાની નોધવામાં આવે છે.તેઓ પોતાની કોર્ટ રૂબરૂની જુબાનીમાં પુરાવો આપે છે કે, બનાવ સને–૨૦૨૫ ની સાલમાં બનેલો. તેમને ટ્રાન્સપોર્ટનો બીઝનેસ

હોવાથી તેમની પાસે કુલ દસ થી અગિયાર ટ્રકો છે અને તે દસ થી બાર ડ્રાઈવરો વારાફરતી અલગ અલગ ટ્રકો લઈને જતાં હોય છે. તે દિવસે તેઓ સુરત ખાતે હતા ત્યારે પોલીસ ધ્વારા જાણવા મળેલ કે, તેમનો આઈસર ટ્રક નં.MH–04–JK–0984 નો વરેલી જી.આઈ.ડી.સી. પાસે અક્સ્માત થયેલ છે અને આ અકસ્માતમાં કોઈ બાઈક ચાલક મરણ ગયેલ છે. આ આઈસર ટ્રકનો ડ્રાઈવર સુલતાન અલી હોવાનું પાછળથી જાણવા મળેલ.પોલીસને તપાસના કામે આઈસર ટ્રકના કાગળો આપેલા. પોલીસે તેમનો જવાબ લીધેલો. તેઓ સુલતાનઅલી ડ્રાઈવર હોવાથી ઓળખે છે.

સદર શાહેદ બચાવપક્ષની ઊલટતપાસમાં એ હકીકત કબૂલ રાખે છે કે,બનાવની જાણ તેમને ફોનથી થયેલી અને આ બનાવ તેમણે નજરોનજર જોયેલો નથી. તેમની પાસે આઠ થી દસ ટ્રકો છે જેથી કયા સમયે કયો ડ્રાઈવર ગાડી ચલાવતો હતો તે તેઓ ચોકકસ કહી શકે નહી.તેમને પોલીસે તેમનું નામ તથા ગાડી બાબતે પુછેલું. આ અકસ્માત સુલતાન અલીએ કરેલ તે તેઓ ચોકકસ કહી શકે નહી .તેમણે અકસ્માત કરતાં નજરોનજર જોયેલ નથી.

**<u>આરોપીનું વિશેષ નિવેદન તથા બચાવપક્ષનો પુરાવો તથા દલીલો:</u>–**

**(૫)** ઉપરોક્ત પુરાવો નોંધ્યા બાદ રેકર્ડ આધારિત ફરિયાદપક્ષનો પુરાવો જોતાં આરોપી સામે ગુનાહિત આક્ષેપો અંગે પ્રાથમિક પુરાવો રેકર્ડ પર આવેલ ન હોવાથી આરોપીનું બી.એન.એસ.એસ.ની કલમ–૩૫૧ અન્વયે વિશેષ નિવેદન લેવામાં આવેલ નથી. ત્યારબાદ બંને પક્ષે દલીલો સાંભળવામાં આવેલ છે.

**<u>ન્યાય નિર્ણયઃ</u>–**

**(૬)** આ કામના આરોપી સામે ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ–૨૮૧, ૧૨૫(બી),૧૦૬(૧) તથા મો.વ્હી.એ. કલમ– ૧૭૭,૧૮૪, ૧૩૪,૧૮૭ મુજબના ગુનાનો આક્ષેપ છે. આ માટે ફરિયાદપક્ષે આરોપી સામેનો કેસ પુરવાર કરવા મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરેલા છે, જે પુરાવાઓનું મૂલ્યાંકન કરી આરોપીએ આક્ષેપિત ગુનો કરેલ છે કે કેમ તેનો નિર્ણય કરવાનો રહે છે.

**(૭)** આ કામે આંક–૦૮ થી ફરીયાદીને તપાસવામાં આવેલ છે. તેઓની જુબાનીનું મુલ્યાંકન કરવામાં આવે તો,આ બનાવની જાણ તેમને ફોન પર થયેલી. બનાવ તેમણે નજરે જોયેલ નથી. વાહન કયું હતું અને તેનો ચાલક કોણ હતો તે તેમને પોલીસ સ્ટેશનમાંથી જાણવા મળેલ. આમ તેમની જુબાની થકી આરોપીની આ ગુનામાં ભુમિકા

સાબિત થતી નથી. તેમજ આંક–૧૦ થી તપાસેલા સાહેદને બનાવની જાણ  ફોન પર થયેલી અને આ બનાવ તેમણે નજરેનજર જોયેલ નથી. અકસ્માત કયા વાહનથી થયેલ તેની તેમને ખબર નથી. આ અકસ્માતવાળું વાહન આઈશર તે હકીકત પણ તેમને અન્ય મારફત જાણવા મળેલી. તથા આંક–૧૧ થી તપાસેલ સાહેદ ને પણ બનાવની જાણ ફોનથી થયેલી અને આ બનાવ તેમણે નજરોનજર જોયેલો નથી. તેમની પાસે આઠ થી દસ ટ્રકો છે જેથી કયા સમયે કયો ડ્રાઈવર ગાડી ચલાવતો હતો તે તેઓ ચોકકસ કહી શકે નહી.આ અકસ્માત સુલતાન અલીએ કરેલ તે તેઓ ચોકકસ કહી શકે નહી .તેમણે અકસ્માત કરતાં નજરોનજર જોયેલ નથી.

(૮) આમ ઉપરોકત પુરાવાઓનું મુલ્યાંકન કરવામાં આવે તો ફરીયાદી તથા અન્ય સાહેદોએ બનાવ નજરેનજર જોયેલ નથી કે કયા વાહનથી અકસ્માત થયેલ છે તે પણ તેમને પાછળથી કે અન્ય મારફત જાણવા મળેલ છે.જેથી કોની બેદરકારીના કારણે આ બનાવ બનવા પામેલ તે તેઓ ચોકકસપણે કહી શકેલ નથી.આરોપીને આ ગુનો કરતાં કોઈ સાહેદે નજરો નજર જોયેલ નથી. જેથી આરોપીની આ ગુનામાં બેદરકારી સાબિત થતી નથી કે આરોપીને આ ગુના સાથે સાંકળી શકાય તેઓ કોઈ પુરાવો રેકર્ડ પર આવવા પામેલ નથી.આમ, રજૂ પુરાવા આધારે ફરિયાદપક્ષ આરોપી સામેનું તહોમત પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ છે.

વધુમાં મોટર એકસીડન્ટના કેસમાં ગફલતભર્યુ અને બેદરકારીભર્યુ ડ્રાઈવીંગ કરવા બદલ દોષિત ઠરાવવા માટેના જે ધોરણો છે તેમા સૌ પ્રથમ ફરીયાદ પક્ષે એમ પુરવાર કરવું જોઈએ કે આરોપી બનાવ સમયે અકસ્માત વાહનનું ડ્રાઈવીંગ કરતો હતો તથા સદર ડ્રાઈવીંગ બેદરકારીભર્યુ કે ગફલતભર્યુ કરતો હતો. માત્ર એરર ઓફ જજમેન્ટના આધાર પર બેદરકારીભર્યુ ડ્રાઈવીંગ કે પુરઝડપની બાબતના પુરાવાના અભાવે આરોપીને દોષિત ઠરાવી શકાય નહી. વધુમાં નામદાર ઓરિસ્સા વડી અદાલતે **''બદ્રીપ્રસાદ તિવારી વિરૂધ્ધ સ્ટેટ'' ૧૯૯૪ ક્રિ.લો.જ. પેજ નં.૩૮૯** માં એમ ઠરાવેલ છે કે,

*" (A) Penal Code (45 of 1860), S.279 - NEGLIGENCE - Rash and negligent driving - Offence under - Ingredients of rash and negligent driving on public*

*road endangering human life or likely to cause injury, must be established – Mere carelessness or error of judgment, not sufficient - Accident resulting in death, failure of prosecution to prove rash and negligent driving of accused – Bare statement that vehicle was being driven in high speed, not sufficient – Accused entitled for acquittal.*

**વધુમાં તે ચૂકાદાના પેરા ૫ માં એમ ઠરાવેલ છે કે...**

*" Section 279, IPC deals with rash and negligent driving of any vehicle or riding on a public way in a rash and negligent manner so as to endanger human life or likely to cause hurt or injury to any person. In order to constitute an offence under Section 279, IPC, it must be established that the accused was driving the vehicle on a public way in a rash and negligent manner to endanger human life or likely to cause hurt or injury to any other person. For the purpose of Section 279 rash and negligence may be described as criminal rashness or criminal negligence. It must be more than mere carelessness of error of judgment. The essential ingredients of Section 279 are:*

*(i) Rash and negligent driving or riding on a public way.*

*(ii) The act must be such as to endanger human life or likely to cause hurt or injury to any person.*

આમ ઉપરોકત, ચર્ચા કરેલ કાયદાની પરિસ્થિતિ તથા ચર્ચેલ ચૂકાદા મુજબ તથા ફરીયાદ પક્ષનો સમગ્ર પુરાવો ધ્યાને લેતા, અકસ્માત આઈસર ટ્રકના ચાલક ની બેદરકારી અને ગફલતભરી રીતે વાહન હંકારવાના લીધે બનાવ બનેલ હોય તે હકીકત ફરીયાદ પક્ષ પુરવાર કરી શકેલ નથી.

વધુમાં, **સતપાલ વિ. સ્ટેટ ઓફ હરીયાણા ૨૦૦૧(૧) ક્રાઈમ્સ (એચ.સી.) ૬૧** ના કેસમાં પંજાબ તથા હરીયાણા હાઈકોર્ટે સ્પષ્ટપણે જણાવેલ છે કે,

*“ Though the accident because of the driver of the truck has been astablished by the procecution, identification can not be said to be astablished beyond doubt, this be the position the conviction can not be sustained.*

આ કેસમાં નામદાર હરીયાણા ઉચ્ચ ન્યાયાલયે અવલોકન કરેલ છે કે, આરોપીની બનાવવાળી જગ્યાએથી અટક કરવામાં આવેલ હોય, તેવું એકપણ સાક્ષીઓએ જણાવેલ નથી વધુમાં, ઉચ્ચ ન્યાયાલયે એવું પણ અવલોકન કરેલ છે કે,

*” This being so in the absance of identification parade it will be hazardous to uphold the coviction of a petetioner.”*

આમ, નામદાર પંજાબ તથા હરીયાણા ઉચ્ચ અદાલતે ઉપરોકત જણાવેલ ચુકાદામાં સ્પષ્ટપણે જણાવેલ છે કે, એક તબકકે માની લઈએ કે અકસ્માત મોટરસાયકલ ડ્રાઈવરની બેદરકારીને કારણે જ બનેલ છે પરંતુ તે ડ્રાઈવરની ઓળખ શંકાથી પર રહીને પ્રસ્થાપીત થયેલ નથી.આમ, હાલના કેસના સંજોગોને પણ આ ચુકાદો લાગુ

પડે છે કારણકે એક તબકકે માની લઈએ કે, તપાસેલ અન્ય સાહેદોએ આરોપીને કોર્ટમાં ઓળખી બતાવેલ છે પરંતુ શું હાલનો જ આરોપી અકસ્માત સમયે આઈસર ટ્રકના ચાલક બેદકારી અને ગફલતભરીરીતે ચલાવતો હતો તે ફરીયાદપક્ષ નિ:શંક પણે પુરવાર કરી શકેલ નથી. આ કામે આરોપીની ઓળખપરેડ તપાસકરનાર અમલદારે કરાવેલ નથી. આમ, ફરીયાદ પક્ષનો સમગ્ર પુરાવો ધ્યાને લેતા, રેસનેસ કે નેગ્લીજન્સના તત્વોનો આ કેસનો પુરાવો જોતા અભાવ જોવા મળે છે જેથી આરોપી તરફે કરાયેલ દલીલ સ્વીકારવા પાત્ર હોઈ આરોપી ને અકસ્માતમાં નિષ્કાળજી કે બેદરકારી કે ગફલત બદલ જવાબદાર ઠેરવી શકાય તેમ નથી.આ સંજોગોમાં વિ.એ.પી.પી.શ્રીની કરાયેલ ઉપરોકત દલીલો તથા કલમના આવશ્યક તત્વો મુજબ બેફામપણે અને બેદરકારીપુર્વક આરોપીએ પોતાનું ચલાવી ગુનો કરેલ હોવાની હકીકત પુરવાર કરેલાની દલીલ સ્વીકારી શકાય તેમ નથી.

(૯) સદર કામમાં પ્રાથમિક શાહેદોને તપાસેલ છે. અન્ય શાહેદોને તપાસવાથી કેસના પરિણામને કોઈ અસર થાય તેમ જણાઈ આવતું ન હોય જેથી બી.એન.એસ.એસ.ની કલમ–૨૮૧ ધ્યાને લેતા વિશેષ નિવેદન લીધા વિના સદર કામનો પુરાવો પૂરો ગણી હુકમ પર લીધેલ.

**(૧૦)આમ, ભારતીય પુરાવા અધિનિયમની કલમ ૧૦૧ મુજબ ફરિયાદપક્ષનો કેસ પુરવાર કરવાની જવાબદારી ફરિયાદપક્ષની હોય છે અને ફરિયાદપક્ષે તેમના પોતાના વિશ્વાસપાત્ર અને સજ્જડ પુરાવાથી આરોપીઓ સામેનો કેસ વાજબી શંકાથી પર પુરવાર કરવો જોઇએ. આરોપીઓ ઉપર તે પોતે નિર્દોષ છે તેવું સાબિત કરવાનો નકારાત્મક બોજો નાંખી શકાય નહિં.**

**(૧૧)**આમ, ઉપરોકત તમામ સંજોગોમાં ફરિયાદપક્ષ પોતાનો કેસ વિશ્વસનીય પુરાવાથી પુરવાર કરેલ ના હોવાનું રેકર્ડ ઉપરથી ફલિત થાય છે. તેમજ આરોપીની હાલના ગુનાના કામે કોઈ સંડોવણી પુરવાર થતી ના હોવાનું ઠરાવી કેસના નિકાલ માટે નીચે મુજબનો આખરી નિર્ણય કરવામાં આવે છે.

**<u>આખરી નિર્ણયઃ</u>–**

**(૧)** આ કામના આરોપી**–સુલતાનઅલી બશારત અલી** ,રહે–નીચોલ ટ્રાન્સપોર્ટ

નગર, ગોડાઉન નં.૨૯, તા.પલસાણા, જી.સુરત.મૂળ રહે.–શીવરા, થાના–માલધાતા, જી.પ્રતાપગઢ (યુ.પી.)વાળાને ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ–૨૮૧, ૧૨૫(બી),૧૦૬(૧) તથા મો.વ્હી.એ. કલમ– ૧૭૭,૧૮૪, ૧૩૪,૧૮૭ મુજબના સબબ નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** આરોપીએ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૧ મુજબના રૂ.૫૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરાના) જાત મુચરકા અપીલ સમય સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

આજરોજ તારીખઃ ૧૧, માહેઃ માર્ચ , સને ૨૦૨૬ ના રોજ આ હુકમ સહી કરી વાંચી સંભળાવી ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તા.૧૧/૦૩/૨૦૨૬

મુ.પલસાણા. **(જે.જે. આહુજા)**

જ્યુડિ. મેજિ. ફર્સ્ટ કલાસ, પલસાણા.

U.I.Code No.GJ01436

## -:ચુકાદાનું પરિશિષ્ટ:-

ફરિયાદી/બચાવ/ન્યાયાલયના સાક્ષી

અ. ફરિયાદપક્ષ

| અનુક્રમ | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| ફરિયાદપક્ષે શાહેદ ક્રમાંક ૧ | રોહીત મુકુન્દા ગવ્હાણે | ફરીયાદી |
| ફરિયાદપક્ષે શાહેદ ક્રમાંક ૨ | સોનાલી પ્રદીપ ગવ્હાણે | સાહેદ |
| ફરિયાદપક્ષે શાહેદ ક્રમાંક ૩ | અનિલ દામોદર ગગડ | સાહેદ |

બ. બચાવપક્ષ

| અનુક્રમ | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| બચાવપક્ષે શાહેદ ક્રમાંક | બચાવપક્ષે કોઈ શાહેદ તપાસેલ નથી. | --- |

ક. અદાલત દ્વારા

| અનુક્રમ | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| અદાલત દ્વારા તપાસેલ શાહેદ ક્રમાંક | અદાલત દ્વારા પણ કોઈ શાહેદ તપાસેલ નથી. | --- |

ફરિયાદી/બચાવ/અદાલત દ્વારા રજુ દસ્તાવેજોના આંકની યાદી

અ. ફરિયાદી

| અનુક્રમ | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧ | ૦૯ | ફરિયાદ |
| ૨ | ૧૨ | ગુનાવાળી જગ્યાનું પંચનામું |
| ૩ | ૧૩ | વાહન પંચનામું |
| ૪ | ૧૪ | આરોપીનું અટક પંચનામું |

| | | |
|---|---|---|
| ૫ | ૧૫ | મરણોતર પંચનામું |
| ૬ | ૧૬ | સ્થળ પરીક્ષણ અહેવાલ |
| ૭ | ૧૮–૧૯ | અકસ્માત રીપોર્ટ |
| ૮ | ૨૦ | પી.એમ.નોટ |

ब. બચાવ

| અનુક્રમ | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧ | બચાવપક્ષે કોઈ પુરાવા રજુ થયેલ નથી. | – |

ક. ન્યાયાલય

| અનુક્રમ | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧ | અદાલત દ્વારા કોઈ પુરાવા નોંધવામાં આવેલ નથી. | – |

ડ. ભૌતિક પદાર્થ

| અનુક્રમ | ભૌતિક પદાર્થ સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧ | કોઈ પદાર્થ કબજે કરવામાં આવેલ નથી. | – |

તા.૧૧/૦૩/૨૦૨૬
મુ.પલસાણા.

જે.જે. આહુજા
જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ,
પલસાણા.